ગાંધીનગર સમાચાર

ગેમીની નવી અદ્યતન લેબ તૈયાર કરાશે

# કોર્ટ બિલ્ડીંગ ૧૮.૩૭ કરોડના ખર્ચે સાત મજલાનુ બનશે

**હાલ ત્રણ મજલાના હયાત બિલ્ડીંગમાં નવા ચાર માળનુ બાંધકામ કરાશે : કોર્ટ બિલ્ડીંગમાં લીફટની વ્યવસ્થા કરાશે આર.સી.સી. રોડ તેમજ પાર્કીંગ શેડ પણ બનશે**

ગાંધીનગર તા ૨૩

સે-૧૧માં સ્થિત ડિસ્ટ્રીકટ કોર્ટના બિલ્ડીંગમાં નવા ચાર માળનુ બાંધકામ કરવામાં આવશે. હાલ હયાત બિલ્ડીંગ ત્રણ મજલાનુ છે. જયારે નવા ચાર મળતા કોર્ટ બિલ્ડીંગ સાત મજલાનુ બનશે. ડિસ્ટ્રીકટ કોર્ટનો દરજ્જો મળ્યા બાદ કોર્ટમાં લીફટની વ્યવસ્થા કરવા માટે પણ વકીલોમાં પ્રબળ માંગ ઉઠવા પામી હતી. જયારે હવે બિલ્ડીંગના રીનોવેશન દરમિયાન કોર્ટ બિલ્ડીંગમાં લીફટની વ્યવસ્થા પણ કરવામાં આવશે.




શહેરમાં સે-૧૧ સ્થિત ડિસ્ટ્રીકટ કોર્ટના બિલ્ડીંગનુ રીનોવેશન કામ હાથ ધરવામાં આવશે. અલબત્ત કોર્ટ બિલ્ડીંગ હાલ ત્રણ મજલાની છે. જયારે હવે કોર્ટ બિલ્ડીંગમાં અન્ય ચાર નવા માળ બનાવાશે. જેથી કોર્ટ બિલ્ડીંગનુ મકાન સાત મજલાનુ બનશે. સે-૩૦ માંથી કોર્ટનુ નવુ બિલ્ડીંગ સે -૧૧ માં તૈયાર કરાયા બાદ ડિસ્ટ્રીકટ કોર્ટ પણ કાર્યરત થઇ હતી. જયારે ડિસ્ટ્રીકટ કોર્ટ અસ્તિત્વમાં આવ્યા બાદ કોર્ટ કાર્યવાહી ધમધમતી થવાની સાથે વકીલો સહીત રોજબરોજ અવરજવર કરતા અરજદારોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. જયારે દિવ્યાંગ અને સિનિયર સિટીઝન્સ માટે કોર્ટમાં લીફટ મુકવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં બટાટાની ખેતી વિક્રમજનક

**તમાકુના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો : રવિસિઝનમાં ૬૮,૨૧૦ હેક્ટરમાં વાવેતર સંપન્ન**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આ રવિ સીઝનમાં બટાટાની ખેતીએ નવો વિક્રમ સર્જ્યો છે અને જિલ્લામાં ૮૧૮૭ હેક્ટરમાં તેનું વાવેતર થયું છે. શાકભાજીના પાકોનું વાવેતર પણ ૭૨૪૩ હેક્ટર સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૮,૨૧૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થઈ ચુક્યું છે.

સાનુકૂળ હવામાનને પગલે ગત વર્ષ જેટલુ જ સરેરાશ વાવેતર આ સીઝનમાં પણ થશે તેમ મનાઈ રહ્યું છે. ગત વર્ષની તુલનામાં ૧૩૦૦ હેક્ટર જેટલુ વાવેતર હજુ ઓછુ નોંધાયું છે તે નોંધનીય છે.

જિલ્લામાં આ વર્ષે ઘઉંના વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે અત્યાર સુધીમાં ૨૬,૩૨૫ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. આ વર્ષે ચણાની ખેતી ૩૭ હેક્ટરમાં નોંધાઈ છે. જે પ્રયોગશીલ ખેતીનો પુરાવો છે.

જિલ્લામાં આ વખતે શાકભાજીના પાકોમાં ‘‘રાજા’’નું બિરૂદ ધરાવતા બટાટાની ખેતીએ નવો વિક્રમ સર્જ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૧૮૭ હેક્ટર વિસ્તારમાં તેનું વાવેતર થઈ ચુક્યું છે.

ખેડૂતો સાથે સંકળાયેલા સૂત્રોનું કહેવું છે કે ઘઉંનું વાવેતર મોડી વાવેતરની જાતનું હજુ વધે તેવી શક્યતાઓ છે. જિલ્લામાં રાઈનું વાવેતર ૮૯૮ હેક્ટર, તમાકુનું વાવેતર ૩૧૧૭ હેક્ટરમાં, વરિયાળીનું ૧૬૪૦ હેક્ટરમાં તથા ઘાસચારાનું વાવેતર ૨૦,૬૨૩ હેક્ટરમાં થવા પામ્યું છે.

તમાકુના વાવેતર વિસ્તારમાં ૧૫૦૦ હેક્ટર જેટલો ઘટાડો ગત વર્ષની તુલનામાં જોવા મળી રહ્યો છે. રોકડિયા પાક ગણાતા શાકભાજીના પાકોનું વાવેતર પણ હજુ કેટલાક વિસ્તારોમાં ચાલુ હોવાનું જાણવા મળેલ છે. જીરૂ વરિયાળીનું વાવેતરમાં પણ ખેડૂતોએ સારો રસ દાખવ્યો છે તે નોંધનીય છે.

જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર હજુ એકાદ સપ્તાહ ચાલશે તેમ મનાઈ રહ્યું છે. નોટબંધીને કારણે ખેડૂતો ખેતીમાં થોડાક મોડા પડ્યા છે પરંતુ લગભગ ગત વર્ષ જેટલુ વાવેતર જળવાઈ રહે તેમ મનાઈ રહ્યું છે.



નાતાલની ઉજવણી - શહેરની પ્રસિદ્ધ સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં ક્રિસમસની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકોએ પ્રભુ ઈસુના જીવન કવન અંગેના વિવિધ દશ્યો અભિવ્યક્ત કર્યા હતા... બાળકો દ્વારા રજૂ થયેલ ભાવસભર દશ્યોએ નાતાલ પર્વની ઉજવણીની છડી પોકારી હતી...

# જિલ્લાના ૭૧ સીઆરસીની પ્રતિનિયુક્તી રદ કરવાના હુકમો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ૭૧ સીઆરસી અને બીઆરસીની પ્રતિનિયુક્તી રદ કરતા હુકમો જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા કરી દેવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનર તાલુકાના ૨૬, દહેગામના ૨૩, માણસાના ૬ અને કલોલના ૧૬ સીઆરસી તેમજ માણસા-દહેગામના બીઆરસીના પ્રતિનિયુક્તીના હુકમો રદ કરી દેવામાં આવ્યા છે.

ગઈકાલે મોડી રાત્રે રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય અંતર્ગત પ્રા. શિક્ષણ નિયામક તરફથી મળેલ સૂચના અંતર્ગત આ કાર્યવાહી કરવામાં આવી છે.

સરકારની જ સૂચના મુજબ આ બીઆરસી અને સીઆરસી તેમના હોદ્દાનો ચાર્જ ગુણોત્સવ સુધી જાળવી રાખશે. આ પછી તેમને તેમની નિયત શાળાઓએ ફરજ બજાવવાની રહેશે. ગુણોત્સવ જાન્યુ.ની ૧૬,૧૭ અને ૧૮ દરમ્યાન યોજાવાનો છે.

સીઆરસી બીઆરસીની કામગીરી મૂલ્યાંકનને આધારે નિમણુંકમાં ફેરફાર કરવા માટેના સર્વ શિક્ષા અભિયાન દ્વારા લેવાયેલ નિર્ણયની સામે રાજ્યભરમાંથી વિરોધ ઉઠ્યો હતો. આ પછી બે મંત્રી અને ૨૦ જેટલા ધારાસભ્યોએ પણ સરકારમાં રજુઆત કરી હતી. હવે રાજ્ય સરકારે તમામ નિમણુંકોની પ્રતિનિયુક્તી જ રદ કરવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લાના ૨૦ સીઆરસીની મૂલ્યાંકનમાં નબળી કામગીરી જણાઈ હતી. જેમાં ગાંધીનગર શહેરના ત્રણ સીઆરસીનો પણ સમાવેશ થતો હતો જે ઉલ્લેખનીય છે.

# ગેમીની નવી અદ્યતન લેબ તૈયાર કરાશે

**નવી લેબ બાંધવા માટે રૂ ૪.૨૨ કરોડનો ખર્ચ થશે : જી આઇ ડી સી વિસ્તારમાં નવી આધુનિક લેબ બનાવાશે**

ગાંધીનગર તા ૨૩

ગેમીની નવી લેબોરેટરી બનાવામાં આવશે. ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ સંસ્થાની જુની લેબોરેટરી હાલ યથાવત છે. જયારે આધુનિક લેબ તૈયાર કરવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે. અધ્યતન લેબ બનાવવા માટે અંદાજિત રૂ ૪.૨૨ કરોડનો ખર્ચ થશે. હયાત લેબ નાની હોવાની સાથે નવી વ્યવસ્થા અને સુવિધા ઉભી કરવા માટે લેબોરેટરીનુ કામ હાથ ધરાશે.

ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સિસ્ટીયુટ ગેમીની કેચરી બ્લોક નં-૧૩ જીવરાજ મહેતા ભવન ખાતે કાર્યરત છે. જયારે ગેમી ની લેબ હાલ જી આઈ ડી સી વિસ્તારમાં છે. જુની લેબને વધુ અધ્યતન બનાવવા માટે ટુંકમાં જ નવી અને આધુનિક લેબ તૈયાર કરવાનો નિર્ણય લેવાયો છે. ટેસ્ટીંગની કામગીરી સાથે સંકળાયેલી ગેમી સંસ્થા દ્વારા નવી લેબ બનાવાનો નિર્ણય લેવાતા આ મામલે માર્ગ મકાન વિભાગને જવાબદારી સોંપવામાં આવી છે. જેના આધારે સે- ૨૫ જી આઈ ડી સી ખાતે સ્થિત જગ્યામાં ફલોરીંગ અને પ્લેટફોર્મની સુવિધા સાથે ટુંકમાં જ લેબોરેટરીનુ કામ હાથ ધરાશે. બે મજલાની લેબ બનાવવા માટે નજીકના સમયમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરાશે. હાલ હયાત લેબ સાંકડી હોવાની સાથે સુવિધા અપગ્રેડ કરવાની અનિવાર્યતા વર્તાતી હોવાથી ગેમી દ્વારા નવી લેબ બનાવાનો નિર્ણય લેવાયો હતો. નવી લેબ તૈયાર કરવા માટે અંદાજિત રૂ ૪.૨૨ કરોડનો ખર્ચ થશે.

## વાલમ બ્રાહ્મણ બેસણું



અમારા પુત્ર **જતીનકુમાર ભાલચંદ્ર વ્યાસ**નું દુઃખદ અવસાન તા. ૨૦/૧૨/૨૦૧૬ને મંગળવારે સવારે થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૫/૧૨/૨૦૧૬ને રવિવારે સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સરનામે રાખેલ છે.

**સ્થળ :-**
**જલારામ મંદિર, સેક્ટર-૨૯, શોપીંગ સેન્ટરની સામે, ગાંધીનગર.**

**વ્યાસ વિનોદચંદ્ર**
**વ્યાસ સુબોધભાઈ**
**વ્યાસ ભાલચંદ્ર**
**(મહારાજ, શ્રી જલારામ મંદિર)**
**વ્યાસ ગીરીશભાઈ**
**વ્યાસ હકલેશભાઈ**

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ ભાવભીની શ્રધ્ધાંજલિ



**સ્વ. રણજીતસિંહ ધુળસિંહ બારૈયા**
સ્વ. તા. ૨૪/૧૨/૨૦૧૫

ઓચિંતુ અણધાર્યુ અંધારું થયું આપ્તજનોને
આધાત આપી તમે ચાલ્યા ગયા
સ્નેહનાં બંધનો ક્યારેય ભૂલાતા નથી,
પ્રેરણાના પુષ્પો ક્યારેય કરમાતા નથી,
આપનું જીવન સદાય સ્મૃતિમાં રહેશે.
સ્વજનના સ્મરણો ક્યારેય વિસરાતા નથી.

લિ.
મહેન્દ્રસિંહ કચરસિંહ બારૈયા
(ધારાસભ્ય પ્રાંતિજ/તલોદ)
શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયા
મંથન મહેન્દ્રસિંહ બારૈયા
કચરસિંહ ઉદેસિંહ બારૈયા
મંગુબેન કચરસિંહ બારૈયા
રમણસિંહ કચરસિંહ બારૈયા
તારાબેન રમણસિંહ બારૈયા
કિશન રમણસિંહ બારૈયા
બિજલબેન રમણસિંહ બારૈયા

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Merry Christmas
Sam's PIZZA™
Food, Friends & Fun, Unlimited...
Enjoy the PIZZARIOUS JOURNEY!
FROM SOUPS TO DESERTS



UNLIMITED OFFERS STARTS ONWARDS ₹215/-*
WEEKDAYS (MON-FRI) ₹215/ Lunch* ₹250/ Dinner*
WEEKENDS (SAT-SUN) ₹230/ Lunch* ₹270/ Dinner*
2 Type Soups, 21 types Salads, 2 types Hot Pasta, Toppings Garlic Breads,
3 types of Pizza & Desert(Brownie with Ice Cream
Sam's PIZZA
Food Friends & Fun Unlimited
101, Super Mall - 2, Infocity, GH-0 Circle, Gandhinagar - 382 009
For more info call : +91 99099 21022 / 079 2321 3366
10% DISCOUNT FESTIVE OFFER
*T&C apply
*Bring this cutting for Discount in SAM'S PIZZA - GANDHINAGAR
* Show this coupons before Ordering.

ગાંધીનગર માટે
LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

ગાંધીનગરના પાદરે જૂજ ઓફીસ બાકી
SHREE Sharda Residency
Absorb...A Redefined Lifestyle



Developers
SHREE MADHAVKISHAN
INFRA HOUSING PROJECTS PVT. LTD.
Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com